ॐ

॥ श्री: ॥

॥ अथ दंपति प्रतिज्ञा ॥

अथवा

सप्तपदी

इयम्

दंपति प्रतिज्ञा.

सूर्यपुरवास्तव्य ॥ सारस्वतकुलोत्पन्नः ॥ ज्योतिर्विद्
काशीरामात्मज रणछोडलाल शर्मणा प्रकाशिता.

कराची.

द्वितीयावृत्ति प्रत १०००.

कराचीस्थ मनोहर मुद्रणायंत्रे जगजीवनात्मज
निर्भयशंकर शर्मणा मुद्रिता.

संवत १९७२.

मूल्य अमूल्य.

ॐ

॥ श्री: ॥

॥ अथ दंपति प्रतिज्ञा ॥

अथवा

सप्तपदि

इयम्

दंपति प्रतिज्ञा.

सूर्यपुरवास्तव्यः ॥ सारस्वतकुलोत्पन्नः ॥ ज्योतिर्विद्
काशीरामात्मज रणछोडलाल शर्मणा प्रकाशिता.

द्वितियावृति. प्रत १०००.

कराचीस्थ मनोहर मुद्रणायंत्रे जगजीवनात्मज
निर्भयशंकर शर्मणा मुद्रयीत्वाः

संवत १९७२.

मूल्य अमूल्य.

श्रीयुत् गोविंदात्मज रामजीशर्माणं प्रति आशीर्वादः

लक्ष्मीस्ते सदने सदा विहरतां कीर्तिश्च लोकत्रये।
आयुस्ते नर वीर वर्धतु सदा भक्तिश्च नारायणे॥
सद्विद्याद्विज पालने च सुकृतौ बुद्धि सदा वर्धतां।
सर्वा वै विपद् प्रयान्तु विपिने श्रीराम गोविन्दते ॥१॥

सिन्ध प्रान्त गते कराञ्चि नगरे लक्ष्म्यालये रम्यते।
कुंभार्के च शुभे युगेवदिदिने श्रीमाघ मासे शुचौ॥
सप्तम्यां भृगुवासरे सुमैत्रभे शर्मा रामजी सुता।
या गंगा स्वसु पाणिपीडनविधौ कुर्यात्सदा मंगलम् ॥२॥

પ્રસ્તાવના.

ઉત્તમોત્તમ લગ્ન સમયે પોતાના પુત્રો તથા પુત્રીઓને શાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે પ્રતિજ્ઞાઓ કરવાની જરૂર છે, તે પ્રતિજ્ઞાઓનો તદ્દન લોપ થઇ તેને બદલે વિવાહ મંડપમાં હાસ્યકારક (બીભત્સ) એટલે ગાળી પ્રદાન એવા શબ્દોની ધ્વની કરી પોતાનાં અંતઃકરણોને પ્રસન્ન માને છે. પણ એમ કરવાથી પ્રાયશ્ચીત થાય છે. આ અંધકાર ઘણો ચાલી રહ્યો છે. જોકે વિવાહ એ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચાર સાધન બતાવવાવાળો છે, ને મોક્ષના સાધનનું પહેલું પગથીયું છે. અને શાસ્ત્ર પ્રમાણે જે વિવાહ કરવો જોઇએ તે ન કરતાં હાલ નાના બાળકોનો વિવાહ જેમ છોકરાંઓ ઢીંગલા ઢીંગલીની રમત રમે છે તેમ થાય છે. તો પ્રથમ તો બાળલગ્ન કરવાં નહીં. ને વરકન્યા કાંઇક પુખ્ત ઉમરનાં હોય તો પોતાનું ખરૂં કર્તવ્ય સમજી શકે. તો એવી અજ્ઞાત રૂઢીને કાઢી નાખવા માટે ને શાસ્ત્રાનુસાર વિવાહ થાય, જેમાં વાગ્દાન, મધુપર્ક, કન્યાદાન સંકલ્પ, ને હોમાદિ ક્રિયાઓ ને છેવટે પોતાની પ્રતિજ્ઞાનો ઉચ્ચાર કરી એક બીજાથી બંધાવવું, ને પ્રેમનું જોડાણ કરવું. તેના શ્લોક સંસ્કૃત ભાષામાં છે પણ તે પુગ સમજી શકતા નથી. માટે ગુર્જર ભાષામાં મારા કરાંચીવાસી યજમાન શ્રીયુત, રામજીભાઇ ગોવિંદજી વર્માની પુત્રી ગંગાબાઇનાં

લગ્ન સંવત ૧૯૭૨ ના માહ વદ ૭ ને શુક્રવારના શુભ દિવસે ધારી, આ પ્રતિજ્ઞાથી તેમના ઉદાર અંતઃકરણ અને જનસમુહને વધારે લાભ થાય ને વિવાહાદિ કાર્ય સુધરે ને સૌનું ભલું થાય એવી ઇચ્છાથી આ દંપતિ પ્રતિજ્ઞા છપાવી બહાર પાડી છે. તે પ્રમાણે સર્વે જ્ઞાતિ બંધુઓને લાભ મળે માટે મારા પ્રત્યે યોજના કરી છે. તે મારા સર્વે લોહાણા યજમાનોની સમક્ષ મુકી છે. તો તે પ્રમાણે સ્વીકારશો ને સર્વેને સ્વીકાર કરાવશો એવી આશા છે.

सुज्ञेषु किं बहुना.

ली.

सूर्यपुरवास्तव्य:
ज्योतिर्विद् काशीरामात्मज रणछोडलाल शर्मा.

પ્રારંભે ગણપતિ સ્તવન.

વસંત તિલકા વૃત.

વર, કન્યા— દેવં નમામિ ગિરજાત્મજ મેકદંતં
સિંદુર ચર્ચિત વપુઃ સુવિશાલશુંડં
નાગેન્દ્ર મણ્ડિત તનુર્યુત સિદ્ધિ બુદ્ધિ
સેવ્યં સદા સુરગણૈઃ સકલાર્થ સિદ્ધ્યૈ.

(કન્યાને ભણવાની પ્રતિજ્ઞા.)

કન્યા— જ્યાં જ્યાં જશો પ્રભુ ત્યાંહાં તમ સાથ આવું,
છાયા રૂપે અનુસરી પતિની કહાવું;
હો દુઃખ કે સુખ જરી મનમાં ન લાવું,
સેવા વિષે રહી સદા પતિ ગુણ ગાઉં. ૧.
પાળું કુટુંબ નહિ દ્રોહ મરૂં જરાએ,
સેવા કરૂં વડીલની વિધિથી સદાયે;
ઇચ્છિયું મલે નવ મલે રહું હર્ષમાયે,
સ્વામી તણી થઈ રહું મન વાણી કાયે. ૨.
ભક્તિ કરૂં પ્રભુ ગણી પતિ હું તમારી,
સ્વામી તણા ચરણમાં રહું પ્રેમ ધારી;
વાણી વદી કટુ કદા નહીં દુભનારી,
ભાખું સદા મધુર વાક્ય વિનોદકારી. ૩.
સ્વામી તણા સુખ વિષે રહું પૂર્ણ સૂખી,
થાઓ કદી દુઃખી તમો થઉં હુંય દુઃખી;
એ રીત નિત્ય સુખ દુઃખ વિભાગી થાઉં,
આજ્ઞા તમારી સઘળી શીરથી ઉઠાવું. ૪.

થઇ સ્નાનથી રૂતુ થકી અતિ શુદ્ધ દેહે,
ક્રીડા કરૂં નિજ પતિ થકી નિત્ય ગેહે;
ચક્ષુ તથા મન થકી ન ગણું બીજાને,
માનું બીજા પુરૂષ ભ્રાત પિતા સમાને. ૫.
વાણી શરીર મનથી ઠગુ ના પતિને,
સાક્ષી કર્યા વચનના કમળા પતિને;
સાથે વસીશ જગમાં સુખથી સુપ્રીતે,
ના ક્લેશ થાય કદિ વર્તીશ એવી રીતે. ૬.
વે'લી ઉઠી પતિ થકી ગ્રહ કાર્ય ત્યાગી,
યજ્ઞાદિ કાર્ય કરવા થઇ અર્ધભાગી;
ધર્માર્થ કામ સમયે રહું નિત્ય સાથે,
સર્વસ્વ મેવ અરપ્યું નિજ નાથ હાથે. ૭.

(વરને ભણવાની પ્રતિજ્ઞા.)

વર— છે ધર્મપત્નિ નરનું અર્ધાંગ જાણ્યું,
અર્ધાંગ અરપ્યું તુજને મનથી પ્રમાણ્યું;
તેથી સદા હૃદયમાં શુદ્ધ પ્રેમ ધારી,
રક્ષા કરૂં અરધ અંગ ગણી તું નારી. ૧.
પાળે કુટુંબ નહિ ક્લેશ જરા કરે તું,
વૃદ્ધા તણાં વચન નિત્ય શિરે ધરે તું;
કર્તવ્ય તારૂં મનમાં સમજે અરે તું,
પાળું તદા પ્રણયથી તુજને અરે હું. ૨.
જો તું રહે નિત પતિવ્રત પાળનારી,
સંસાર કાર્ય અરધું તું ઉઠાવનારી;
વાણી મૃદુથી તન તાપ શમાવનારી,
પ્રાણે ગણી અધિક પ્રાણથી પ્રીય નારી. ૩.

આજ્ઞા ધરી શીર પરે સહુ સુખ હેતી,
સંસાર કાર્ય સુખ દુઃખ વિભાગ લેતી;
એવી કુલીન પ્રમદા પર રાખી પ્રીતિ,
પાળું ધરી વડીલ સજ્જન કેરી રીતિ. ૪.
શાસ્ત્રાનુ શાસન જદા કહ્યું પાળનારી,
થૈ ધર્મ પત્નિ પતિના પદ સેવનારી;
સંસાર વારિ નીધિ પાર ઉતારનારી,
છે ધન્ય જન્મ મુજ જો મળી ધર્મ નારી. ૫.
હુંયે નહિ ઠગું તુને કદી કોઈ રીતે,
સાક્ષી કર્યા જગપતિ અતિ ચાહું ચિત્તે;
પાળીશ અંગ ગણીને તુજને હું પ્રીતે,
તે ધર્મ પત્નિ સમજે નિજ ધર્મ નિત્યે. ૬.
સંસાર કાર્ય સઘળાં દઈને સુધારી,
ધર્માર્થ કામ વિષયે બનું સહાય ભારી;
આ લોકમાં સુર લોક બતાવનારી,
મુક્તી તદા સહજ દંપતિની થનારી. ૭.

(આશીર્વાદ.)

આ (શ્લોક) બન્ને વર કન્યા ભણી રહ્યા પછી ગોરે વરકન્યાને ચાંલો કરી અક્ષત (કાચું ભાત) ચોડવું.

(ચાંલાનો મંત્ર.)

મંત્રાર્થાઃ સફલ સ્સન્તુ પુર્ણાસન્તુ મનોરથાઃ
શત્રુણા બુદ્ધિ નાશોઽસ્તુ મિત્રાણામુદયસ્તવ.

અસ્તુ.

વિજ્ઞપ્તિ.

સર્વે લોહાણા ભાઇઓને વિજ્ઞપ્તિ કરવામાં આવે છે કે આ દંપતિ પ્રતિજ્ઞા લોહાણા ભાઇઓ માટે વિના મૂલ્યે નીચેના સરનામેથી મોકલવામાં આવે છે. બહારગામ માટે બે પૈસાની ટીકીટ બીડવી.

(મળવાનું ઠેકાણું)

ઠકર રામજીભાઇ ગોવિંદજી દક્ષ, (દક્ષિણી)
જોડીયા બજાર કંડા ગલી—**કરાચી.**

ઠકર ચંદુલાલ સેવકરામ રવસીઆ,
સોની ફળીયા—**સુરત.**

(નીચેના પુસ્તકો રોકડી કીમતે મળશે.)

વિવાહ કૌમુદી રૂ. ૧–૮–૦ શાસ્ત્રી મૂલશંકર જયાનંદ,
દેશાઇ પોળ,—**સુરત.**

સાડી રૂ. ૦–૪–૦ ,, ,,

સતી સીમંતીની રૂ. ૦–૪–૦ શાસ્ત્રી ઘેલાભાઇ ભવાનીશંકર,
આમલીરાન સંસ્કૃત પાઠશાળા,
સુરત.

મુગ્ધા રૂ. ૦–૪–૦ ,, ,,

દંપતિ પ્રતિજ્ઞા રૂ. ૦–૧–૦ કર્તા.

પુરાણોક્ત પુરૂષસુક્ત રૂ. ૦–૧–૦
જયો. રણછોડલાલ કાશીરામ,
સોની ફળીયા—**સુરત.**